For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સુરતમાં દિવાળી બાદ નવેમ્બરથી મેટ્રો ટ્રેન દોડે તેવી સંભાવના

# ‘ડાયમંડ કટ’ના લૂક સાથે નવી મેટ્રો આવી

**તબક્કાવાર કુલ 72 ટ્રેન સેટ સુરત આવશે, દરેક સેટમાં 3 કોચ હશે**

**અગાઉ માર્ચ માસમાં સુરતની મેટ્રોનો પ્રથમ ટ્રેન સેટ આવ્યો હતો, હવે કોલકાતાથી બીજો સેટ આવી ગયો**

**હવે અપ-ડાઉન લાઇન પર એક સાથે ટ્રેન દોડાવી સર્વિસ ટ્રાયલ લેવાશે**

સુરતઃ તાપી નદીના કાંઠે વસેલું અને ‘બ્રિજ સિટી’ તરીકે ઓળખાતું સુરત હવે દેશની સૌથી આધુનિક મેટ્રો સિટી બનવા તરફ ઝડપભેર આગળ વધી રહ્યું છે. સુરતમાં દિવાળી પછી નવેમ્બરમાં મેટ્રો ટ્રેન શરૂ કરવા માટેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગત માર્ચ માસમાં પ્રથમ ટ્રેન સેટ આવી પહોંચ્યા બાદ હવે કોલકાતાની ટીટાગઢ રેલ

...અનુસંધાન પાના ૭ પર





### મેટ્રો કોચમાં ડાયમંડ ફેસિટ્સ થીમેટિક ઇન્ટિરિયર અને થર્ડ રેલ સિસ્ટમ

સુરત આવનાર બીજા ટ્રેન સેટની અંદરનું ઇન્ટિરિયર અને એક્સટીરિયર લૂક સુરતીઓને મંત્રમુગ્ધ કરનાર છે. મેટ્રો ટ્રેનમાં પ્રવેશતા જ મુસાફરોને સુરતની વિશ્વવિખ્યાત ઓળખ સમાન ‘ડાયમંડ ફેસિટ્સ’નો અહેસાસ થશે. ટ્રેનની સિલિંગ અને એલિવેશનમાં હીરાના વિવિધ આકર્ષક કટ્સની આબેહૂબ ડિઝાઇન કંડારવામાં આવી છે, જે ભારતની કોઈપણ મેટ્રો ટ્રેનમાં પ્રથમ વખત જોવા મળશે.

### સુરત મેટ્રોની આગવી વિશેષતાઓ

- ડાયમંડ સિટીની ઝલક આપતા મેટ્રોની સિલિંગ અને એલિવેશનમાં હીરાના વિવિધ આકર્ષક કટ્સ-ડિઝાઇન
- અડાજણમાં ૭૦૦ વર્ષ જૂના વૃક્ષને બચાવવા બદલાયું મેટ્રોનું અલાઇનમેન્ટ
- દેશના પ્રથમ ૧૧૦ ફૂટ ઊંડા ‘સ્ટેક્ડ મેટ્રો સ્ટેશન’નું એન્જિનિયરિંગ કૌશલ્ય

### મેટ્રો માટે મસ્કતિ અને લાભેશ્વરના બે સ્ટેશન દેશના પ્રથમ બે અંડરગ્રાઉન્ડ ‘સ્ટેક્ડ સ્ટેશન’ બનશે



શહેરના અત્યંત ગીચ અને સાંકડા વિસ્તારો જેવા કે ભાગળ (મસ્કતી હોસ્પિટલ) અને કાપોદ્રા (લાભેશ્વર) ખાતે એન્જિનિયરિંગનું અદ્ભુત કૌશલ્ય જોવા મળ્યું છે. જમીનની પૂરતી પહોળાઈ ન હોવા છતાં અને આસપાસની મિલકતો કે ઐતિહાસિક ઇમારતોનું સંપાદન કર્યા વગર જમીનથી અંદાજિત ૧૧૦ ફૂટની ઊંડાઈએ દેશના સર્વપ્રથમ અંડરગ્રાઉન્ડ ‘સ્ટેક્ડ સ્ટેશન’ તૈયાર કરાયા છે. આ સ્ટેશનોમાં ટ્રેનો બાજુ-બાજુમાં નહીં પરંતુ અપ અને ડાઉન લાઇન ઉપર-નીચેથી પસાર થશે. આ પ્રકારના સ્ટેશનો માટે ટનલ બોરિંગ મશીનથી ‘વર્ટિકલ સ્ટેક્ડ ટનલ’ તેમજ ‘ટોપ-ડાઉન’ કન્સ્ટ્રક્શન પદ્ધતિનો ઉપયોગ કરાયો છે.

# મહેસૂલી કર્મચારીઓ આજથી અચોક્કસ મુદતની હડતાળ પર

**સુરતમાં** ક્લાર્ક, તલાટી અને નાયબ મામલતદાર સહિત આશરે 500 કર્મચારી જોડાશે

**ગ્રામસેવક** અને સિટી સરવે કર્મચારીઓ બાદ મહેસૂલી કર્મીઓની હડતાળથી તંત્ર પર ભાર વધશે

સુરતઃ મહેસૂલી કર્મચારીઓની વિવિધ પડતર માંગણીઓ અંગે સરકાર તરફથી હજુ સુધી કોઈ ચર્ચા કે નક્કર નિર્ણય લેવામાં આવ્યો ન હોવાથી મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા જાહેર કરવામાં આવેલી અચોક્કસ

...અનુસંધાન પાના ૭ પર

### એક પછી એક વિભાગની હડતાળથી વહીવટી તંત્ર પર ભાર

મહેસૂલી કર્મચારીઓની હડતાળ એવા સમયે શરૂ થઈ રહી છે જ્યારે ગ્રામસેવકોની હડતાળ પહેલેથી જ ચાલી રહી છે. બીજી તરફ સિટી સરવે વિભાગના કર્મચારીઓ પણ હડતાળ પર હોવાથી સરકારી કચેરીઓમાં કામગીરીને અસર થઈ રહી છે. હવે મહેસૂલી વિભાગના કર્મચારીઓ પણ હડતાળમાં જોડાશે તો જમીન અને મહેસૂલ સંબંધિત કામગીરી સહિત વિવિધ વહીવટી પ્રક્રિયાઓ ખોરવાવાની ભીતિ ઊભી થઈ છે. એક પછી એક વિભાગના કર્મચારીઓ હડતાળ પર જતા હોવાથી અરજદારો અને સામાન્ય નાગરિકોને સરકારી સેવાઓ મેળવવામાં મુશ્કેલી પડી શકે છે.

### અરજદારોની મુશ્કેલી વધવાની શક્યતા

મહેસૂલી વિભાગની કામગીરી સાથે સામાન્ય નાગરિકોને લગતી અનેક સેવાઓ સીધી રીતે જોડાયેલી છે. કર્મચારીઓ હડતાળ પર જતાં આવકના દાખલા, જમીન સંબંધિત કામગીરી, વિવિધ પ્રમાણપત્રો અને મહેસૂલી વહીવટ સાથે સંકળાયેલી પ્રક્રિયાઓમાં વિલંબ થવાની શક્યતા છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં તલાટી અને અન્ય મહેસૂલી કર્મચારીઓની કામગીરી મહત્ત્વપૂર્ણ હોવાથી હડતાળ લાંબી ચાલે તો તેની અસર વધુ વ્યાપક બની શકે છે.

# આજના ‘સેવા જ્યોતિ’ કાર્યક્રમથી બસના મુસાફરો, વાહનચાલકો હેરાન થઈ જશે

**છેલ્લા** પાંચેક દિવસથી મનપાનો મોટા ભાગનો સ્ટાફ કાર્યક્રમની તૈયારીમાં જોતરાઈ જતાં અરજદારો હેરાન

**આજે** કાર્યક્રમ દરમિયાન સિટી અને બીઆરટીએસ બસના તમામ રૂટ પર અસર થશે

**50** હજારથી વધુ લોકો ભેગા થવાના હોવાથી મુખ્ય માર્ગો પર ટ્રાફિકનું ભારણ રહેશે

સુરતઃ ડુમસ રોડ પર વાય જંક્શન ખાતે આવતીકાલે થનારા સેવા જ્યોતની કામગીરીમાં સુરત મનપાના મોટાભાગના સ્ટાફને જોતરી દેવામાં આવતાં લોકો હેરાન થઈ ગયા છે. કાર્યક્રમમાં 50 હજારથી પણ વધુ લોકો જોડાનાર હોવાથી મનપાના અધિકારીઓ પાર્કિંગથી માંડીને તમામ સુવિધાઓ ઊભી કરવામાં લાગી ગયા હોવાથી છેલ્લા પાંચ દિવસથી મનપાની તમામ કામગીરી અટકી જવા પામી છે. જે તે ઝોનમાં આવનારા અરજદારોએ ધક્કા ખાવા પડી રહ્યા છે. વાય જંક્શન ખાતેના ઉકરડા સમાન પ્લોટની સફાઈ માટે છેક કતારગામથી ઝોનની ટીમ મોકલવામાં આવતાં વિવાદો સર્જાય છે. તેમાં પણ આવતીકાલે કાર્યક્રમ દરમિયાન પણ લોકો ભારે તકલીફ ભોગવશે તે નક્કી છે.

આવતીકાલના કાર્યક્રમ સંદર્ભમાં સિટી અને બીઆરટીએસ બસના તમામ રૂટ પર બસોની ફ્રિકવન્સી ઘટવાની પહેલેથી જ જાહેરાત કરી દેવામાં આવી છે. બપોરે 1 વાગ્યા સુધી સિટી બસ અને બીઆરટીએસ સેવાઓ આંશિક રીતે ખોરવાશે અથવા મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ રહેશે, જેના કારણે મુસાફરોને ભારે

...અનુસંધાન પાના ૭ પર

# સુરત-ઉદયપુર બાદ હવે સુરત-પુણે વંદે ભારત શરૂ થવાના સંકેત

**સીધા** રૂટ પર નવી વંદે ભારત દોડશે તો 6 કલાકમાં પૂણે પહોંચી જવાશે

**જોકે,** વાયા જલગાંવની માંગણીથી હજુ સુધી આ વંદેભારત ટ્રેનના રૂટ નક્કી થયો નથી



સુરતઃ સુરત-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસને મળેલા જબરદસ્ત પ્રતિસાદ બાદ હવે સુરત અને પુણે વચ્ચે નવી વંદે ભારત ટ્રેન શરૂ થવાના સંકેત મળી રહ્યા છે. પશ્ચિમ રેલવે દ્વારા આ માટેની સઘન કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ રૂટ

...અનુસંધાન પાના ૭ પર

### જલગાંવના નેતાઓની માંગણી પ્રમાણે વંદે ભારત દોડે તો પૂણે પહોંચતા 9થી 10 કલાક થાય

બીજી તરફ, આ યોજના સામે જલગાંવના રાજકીય નેતાઓની અલગ માંગણી છે. જલગાંવના નેતાઓ આ ટ્રેન વાયા જલગાંવ-મનમાડ રૂટ પર દોડાવવાની માંગ પર અડગ છે. તેમનું કહેવું છે કે વાયા જલગાંવ રૂટથી ખાનદેશ અને ઉત્તર મહારાષ્ટ્રના નંદુરબાર, જલગાંવ, ભુસાવલ અને મનમાડ જેવા વિસ્તારોના હજારો મુસાફરોને સીધો લાભ મળશે, કારણ કે આ રૂટ પર મુસાફરોનો ભરાવો પણ ખૂબ વધુ રહે છે. જો કે,

...અનુસંધાન પાના ૭ પર

# સિટીલાઈટમાં સગર્ભાની થેરાપી ચાલતી હતી અને પુરુષ ઘૂસ્યો?

**સગર્ભા** મહિલાએ ફરિયાદ નોંધાવી કે લાઈટના અભાવે અંધારુ હોવાથી પુરુષે રૂમમાં ઘૂસી પ્રાઈવસી ભંગ કરી

**સામે** થેરાપી સેન્ટરની મેનેજરની સગર્ભાના પતિએ સેન્ટરમાં તોડફોડ કરી હુમલાનો પ્રયાસ કર્યાની ફરિયાદ

સુરતઃ સિટીલાઈટમાં આવેલા ‘એમેથીઝ વેલનેસ સેન્ટર’ ખાતે સગર્ભા મહિલાની પ્રાઈવસીનો ભંગ થવાના આક્ષેપ બાદ થયેલા ભારે હંગામા અને તોડફોડના મામલે ઉમરા પોલીસ મથકે બંને પક્ષે સામસામે ક્રોસ ફરિયાદો નોંધાતાં ભારે ચકચાર

...અનુસંધાન પાના ૭ પર

### ‘માત્ર મહિલા સ્ટાફ’ની ખાતરી આપી પુરુષને રૂમમાં ઘુસાડ્યો

પીડિત મહિલાના જણાવ્યા મુજબ, તેમણે ૪ માસની ગર્ભવતી હોવાથી ઇન્સ્ટાગ્રામ મારફતે એપોઈન્ટમેન્ટ બુક કરાવી હતી. સેન્ટર પર પહોંચી તેમણે માત્ર મહિલા સ્ટાફ હોવા અંગે સ્પષ્ટ પૂછપરછ કરી હતી અને રિસેપ્શને ખાતરી આપી હતી. પરંતુ, વીજળી ન હોવાથી અંધારા રૂમમાં મીણબત્તી પ્રગટાવી થેરાપી ચાલુ કરાયા બાદ તેમની અચાનક આંખ ખુલતા ગૌરવ પગારે નામનો અજાણ્યો પુરુષ રૂમમાં ઊભો રહી તેમની પ્રાઈવસીનો ભંગ કરી રહ્યો હતો. મહિલાએ બૂમો પાડતા આરોપી અને સ્ટાફ ભાગી ગયા હતા. આથી મહિલાએ પતિને બોલાવી ૧૧૨ પર કોલ કર્યો હતો. ઉમરા પોલીસે મહિલાની ફરિયાદના આધારે ગૌરવ પગારે સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ખોટો આક્ષેપ કરી પતિ-પત્નીએ રીસેપ્શન પર તોડફોડ કરી

સામે પક્ષે સેન્ટરની ૨૦ વર્ષીય મેનેજર દીપા સાહુએ નોંધાવેલી ફરિયાદ મુજબ સેન્ટરમાં કોઈ પુરુષ થેરાપિસ્ટ કામ કરતો નથી અને માત્ર સફાઈ માટે ગૌરવ આવે છે.થેરાપી સેશન બાદ મહિલાએ બહાર આવી સફાઈકર્મી દરવાજે ઊભો હોવાનો ખોટો વિવાદ ઊભો કરી ગાળાગાળી કરી હતી. ત્યારબાદ તેના પતિએ આવી રીસેપ્શન કાઉન્ટર પર પડેલો માર્બલનો પથ્થર, કાચની બોટલ અને લાકડાનું બોક્સ કર્મચારીઓ તરફ ફેંકી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો અને તોડફોડ મચાવી હતી. સેન્ટરના વહીવટદારે ૧૧૨ પર કોલ કર્યો હતો.પોલીસે મેનેજર દીપા સાહુની ફરિયાદ આધારે મહિલા સિમરન શર્મા અને તેના પતિ સામે ગુનો નોંધ્યો છે.


આપના શુભ મંગલમય પ્રસંગોની ઉજવણી કરો બોમ્બે માર્કેટની વિશાળ શ્રેણી સંગ
પધારો એશીયાની સૌથી મોટી
જુની અને જાણીતી
બોમ્બે માર્કેટ
ઉમરવાડા, સુરત-૧૦
નોંધઃ તા.૧૧-૧૦-૨૬ થી દિવાળી સુધી દર રવિવારે માર્કેટ ચાલુ રહેશે.
લગ્ન પ્રસંગ તથા પાર્ટીવેરની તદ્દન નવી વેરાયટી, ડિઝાઈનર સાડીઓ ચણીયા ચોળી, બાંધણી, ડ્રેસ મટીરીયલ, શુટીંગ-શર્ટીંગ, શુટ અને શેરવાની, હેન્ડલુમ, ફર્નીશીંગ
•વ્યાજબી ભાવ •પસંદગીની સરળતા •ATM તથા વિશાળ પાર્કીંગ ની સુવિધા.


### 30મી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



**સ્વ. પુષ્પાબેન ઈશ્વરલાલ બિસ્કીટવાલા**
સ્વ. તા. ૦૭.૧૦.૧૯૯૬

યાદ તમારી અમારા જીવનની સરગમ છે,
દિવસોમાં નહિ તમે અમારી સાથે હરપળ છો,
એક ચેહરો જે સ્મૃતિમાંથી ભુલાય નહિ,
એક વ્યક્તિ જે ક્યારેય વિસરાય નહિ,
જેમનું નામ હદયમાં સતત ગુંજ્યા કરે છે અને
ફુલ બની આસપાસ મહેક્યા કરે,
પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
જગદીશચંદ્ર ઈશ્વરલાલ બિસ્કીટવાલા
તેજસ જગદીશચંદ્ર બિસ્કીટવાલા
તથા સમસ્ત બિસ્કીટવાલા પરિવાર
ફર્મ : રોયલ બેકરી – રોયલ કેક શોપ

### સંયુક્ત-બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા બહેન સ્વ. ભાણીબેન છીમુભાઇ પટેલ તા. ૪-૧૦-૨૦૨૬ના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા.૦૮-૧૦-૨૦૨૬ના રોજ અમારા નિવાસસ્થાન **ગભેણી** ખાતે ગુરૂવારે સમય ૧૦ થી ૧ દરમ્યાન રાખેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

**સ્વ. ભાણીબેન છીમુભાઇ પટેલ**
સ્વ. તા. ૪-૧૦-૨૦૨૬
રવિવાર (ગામઃ ગભેણી)

લિ.
સ્વ. ભાણાભાઇ ધનજીભાઇ પટેલ (ભાઇ)
મગનભાઇ ધનજીભાઇ પટેલ (ભાઇ)
બુધિયાભાઇ ધનજીભાઇ પટેલ (ભાઇ)
બાબુભાઇ ધનજીભાઇ પટેલ (ભાઇ)
ગામઃ ખજોદ, પારસી મહોલ્લો, સુરત

### સંયુક્ત-બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતાશ્રી સ્વ. ભાણીબેન છીમુભાઇ પટેલ તા. ૪-૧૦-૨૦૨૬ના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા.૦૮-૧૦-૨૦૨૬ના રોજ અમારા નિવાસસ્થાન **ગભેણી** ખાતે ગુરૂવારે સમય ૧૦ થી ૧ દરમ્યાન રાખેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

**સ્વ. ભાણીબેન છીમુભાઇ પટેલ**
સ્વ. તા. ૪-૧૦-૨૦૨૬
રવિવાર (ગામઃ ગભેણી)

લિ.
રાજુભાઈ છીમુભાઈ પટેલ (પુત્ર)
મીનાબેન ધીરજભાઈ પટેલ (પુત્રી)
મંજુલાબેન વિજયભાઈ પટેલ (પુત્રી)
નિવાસ સ્થાન : પટેલ ફળીયું, ગભેણી ગામ, સુરત

### દુઃખદ અવસાન - બેસણું



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી **શારદાબેન બળદેવભાઈ પટેલ**નું **દુઃખદ અવસાન** તારીખઃ ૦૫/૧૦/૨૦૨૬ના રોજ થયેલ છે. **પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...**

**બેસણું :-** તારીખઃ **૭/૧૦/૨૦૨૬**, સમય : **૪.૦૦ થી ૬.૦૦ કલાકે** અમારા **નિવાસ સ્થાને** રાખેલ છે.

**સ્વ. શારદાબેન બળદેવભાઈ પટેલ**
સ્વ.તારીખઃ ૦૫/૧૦/૨૦૨૬

શોકાતુર
ભરત પટેલ (ગુજરાતમિત્ર) | મનીષા પટેલ
પરેશ પટેલ | ઈલા પટેલ
ધ્રુવ, ધૈર્ય, યુતિ, કાવ્ય
પટેલ પરિવાર
સરનામુંઃ A-2, શાંતિસદન સોસાયટી, પાલનપુર પાટિયા, સુરત - 98981 57532

### શોકસભા



**સ્વ. ચંદ્રવદન મોહનલાલ હાથીવાલા**
સ્વ. તા. ૦૩-૧૦-૨૦૨૬

શ્રી સુરત ક્ષત્રિય સમાજ ટ્રસ્ટના પ્રમુખશ્રી ચંદ્રવદન મોહનલાલ હાથીવાલાના તા.૦૩-૧૦-૨૦૨૬ ને શનિવારના દિવસે થયેલા દુઃખદ અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવા તા. ૦૮-૧૦-૨૦૨૬ને ગુરૂવારના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે ધમણવાલા એ.સી.હોલ સીંગાપુરી વાડી, સલાબતપુરા, સુરત ખાતે રાખવામાં આવી છે.
જાહેર શોકસભામાં ઉપસ્થિત રહેવા વિનંતી.

લિ. **શ્રી સુરત ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ**
સુરત ક્ષત્રિય યુવક મંડળ | શ્રી સુરત ક્ષત્રિય મહિલા મંડળ ટ્રસ્ટ
સુરત ક્ષત્રિય યુથ રીક્રીએશન ક્લબ | શ્રી સુરતી ક્ષત્રિય જ્ઞાતિ પંચ ટ્રસ્ટ
સુક્ષ્મ રીક્રીએશન ક્લબ | ન્યુ રીક્રીએશન ક્લબ
વિદ્યા વિહાર ટ્રસ્ટ સંચાલિત
શેઠશ્રી પ્રાણલાલ હીરાલાલ બચકાણીવાલા વિદ્યા મંદિર (ટ્રસ્ટ)

### શ્રદ્ધાંજલિ



**સ્વ. ચંદ્રવદન મોહનલાલ હાથીવાળા**
જન્મ તા. ૦૭/૧૦/૧૯૩૮
સ્વ. તા. ૩/૧૦/૨૦૨૬

વ્હાલા વડીલશ્રી,
આપ હવે અમારી વચ્ચે નથી એ વાત અમારે મન દુઃખદાયક રહેશે,
પણ આપની હાજરી વચ્ચે વીતાવેલા વર્ષોનું સ્મરણ હંમેશ અમારી સાથે રહેશે.
આપના વ્યક્તિત્વની સ્વભાવ સોડમ પરિવારમાં હંમેશ પથરાયેલી રહેશે.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. ચંદ્રિકાબેન જવાહરલાલ વખારીઆ

| | |
|---|---|
| હરિશચંદ્ર કાંતિલાલ વખારીઆ | શ્રેયશ્રી હરિશચંદ્ર વખારીઆ |
| વિનસ જશવંતલાલ વખારીઆ | પ્રજ્ઞા વિનસ વખારીઆ |
| સંજય જશવંતલાલ વખારીઆ | નીલા સંજય વખારીઆ |
| જયેશ જશવંતલાલ વખારીઆ | નિવેદીતા જયેશ વખારીઆ |
| રાજન જવાહરલાલ વખારીઆ | ફાલ્ગુની રાજન વખારીઆ |
| બીરેન હરિશચંદ્ર વખારીઆ | અંશુલ બીરેન વખારીઆ |
| દિગંત હરિશચંદ્ર વખારીઆ | મનાલી દિગંત વખારીઆ |
| રાહિલ હરિશચંદ્ર વખારીઆ | સ્નેહા રાહિલ વખારીઆ |

સમસ્ત વખારીઆ પરિવાર

### શ્રદ્ધાંજલિ



**સ્વ. ચંદ્રવદન મોહનલાલ હાથીવાળા**
જન્મ તા. ૦૭/૧૦/૧૯૩૮
સ્વ. તા. ૩/૧૦/૨૦૨૬

સ્વજનનું જવુ હંમેશ દુઃખદાયક જ હોય છે.
પણ આપની વાર તહેવારની હાજરી સાથે જે ઉમળકો
રહેતો હતો તે હંમેશ અમારી સાથે રહેશે.
પરિવાર મોટ આપનું વ્યક્તિત્વ પ્રેરક રહેશે.
પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એવી અમારી પણ પ્રાર્થના.

લિ.

| | |
|---|---|
| મહેન્દ્રભાઈ ચીમનલાલ રાંદેરીઆ | યશોધરા મહેન્દ્રભાઈ રાંદેરીઆ |
| ઈન્દ્રવદન શેખ | મુદૃલા ઈન્દ્રવદન શેખ |
| પરિમલ પ્રમોદચંદ્ર રાંદેરીઆ | ભાવના પરિમલ રાંદેરીઆ |
| દિવ્યાંગ પ્રમોદચંદ્ર રાંદેરીઆ | શાલીની દિવ્યાંગ રાંદેરીઆ |
| ધવલ મહેન્દ્રભાઈ રાંદેરીઆ | જશ્મીન ધવલ રાંદેરીઆ |
| જય મહેન્દ્રભાઈ રાંદેરીઆ | જશ્મીન જય રાંદેરીઆ |
| ડૉ. હસન શેખ | ડૉ. હુસેન શેખ |

### દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ગીતાબેન જીતેન્દ્રભાઈ પટેલ**
જન્મ તા. ૨૯/૧૦/૧૯૬૦, સ્વ.તા. ૦૭/૧૦/૨૦૨૪

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં,
સુખ સર્વને આપી ગયા, આપનું ઉદાર દિલ, પરોપકારી જીવન અને
અમારા પ્રત્યેનો માયાળુ સ્વભાવ અવિસ્મરણીય રહેશે.
ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
જીતેન્દ્રભાઈ બાલુભાઈ પટેલ (પતિ)
ધવલકુમાર જીતેન્દ્રભાઈ પટેલ (પુત્ર)
શ્વેતાબહેન ધવલકુમાર પટેલ (પુત્રવધૂ)
રીયાંશી ધવલકુમાર પટેલ (પૌત્રી)
નિવાસ સ્થાનઃ ૧૧, ગાયત્રી રો હાઉસ, જીન પેટ્રોલ પંપની સામે, જહાંગીરપુરા, સુરત


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


### સિધ્ધપુરીયા મોઢવણિક અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે, મારા પતિ/પિતા/ભાઈશ્રી જયપ્રકાશ રંગીલદાસ ઈચ્છાપોરીઆ નું તા.૦૬-૧૦-૨૦૨૬ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી શ્રીજી બાવાને પ્રાર્થના. સદ્‌ગતની સ્મશાનયાત્રા તા.૦૭-૧૦-૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે એમના નિવાસસ્થાનેથી નીકળી અશ્વિનીકુમાર સ્માશન ગૃહે જશે.

**સ્વ. જયપ્રકાશ રંગીલદાસ ઈચ્છાપોરીઆ (એડવોકેટ એન્ડ નોટરી)**
સ્વ.તા.૦૬-૧૦-૨૦૨૬
નિવાસસ્થાન : ૪૦૩, ગાંધીચોક, કતારગામ, સુરત.

લિ.

| | |
|---|---|
| સ્વ.નવીનચંદ્ર રંગીલદાસ ઈચ્છાપોરીઆ (ભાઈ) | પારૂલ જયપ્રકાશ ઈચ્છાપોરીઆ (પત્ની) |
| સ્વ.પુષ્પાવતી રતિલાલ મોદી (બેન) | જીમી જયપ્રકાશ ઈચ્છાપોરીઆ (પુત્ર) |
| ભુપેન્દ્ર રંગીલદાસ ઈચ્છાપોરીઆ (ભાઈ) | ઝરણાં જીમી ઈચ્છાપોરીઆ (પુત્રવધુ) |
| બાલકૃષ્ણ રંગીલદાસ ઈચ્છાપોરીઆ (ભાઈ) | માલવ જયપ્રકાશ ઈચ્છાપોરીઆ (પુત્ર) |
| સ્વ.નિરંજન રંગીલદાસ ઈચ્છાપોરીઆ (ભાઈ) | માનસી માલવ ઈચ્છાપોરીઆ (પુત્રવધુ) |
| તથા સમસ્ત ઈચ્છાપોરીઆ પરિવાર. | પ્રિતી સંજય દુધરેજીયા (પુત્રી) |
| | સંજય મયારામ દુધરેજીયા (જમાઈ) |
| | પાર્થ, જીયારા, મિષ્કા તથા હિયાન (પૌત્ર) |

### દુઃખદ અવસાન - બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે મારા **ધર્મપત્ની** / અમારા **માતૃશ્રી** **અ.સૌ. મંજુલાબેન ભગુભાઈ પટેલ** તા. ૦૫/૧૦/૨૦૨૬ ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્‌ગતનું બેસણું તા. ૦૭/૧૦/૨૦૨૬ ને બુધવારના રોજ બપોરે ૩ થી સાંજે ૫ કલાક દરમિયાન ચોતરા ફળિયા, વેસ્મા, જી. નવસારી મુકામે રાખેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૦૯/૧૦/૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન SMC કોમ્યુનિટી હોલ, જહાંગીરપુરા, સુરત મુકામે રાખેલ છે.

**સ્વ. અ. સૌ. મંજુલાબેન ભગુભાઈ પટેલ**
સ્વ. તા. ૦૫/૧૦/૨૦૨૬

લિ.: ભગુભાઈ ભીખાભાઈ પટેલ
અમિત ભગુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
નિવાસસ્થાન : ૬૫, પુષ્પક સોસાયટી, પાલનપુર પાટિયા, સુરત.

### દુઃખદ અવસાન - બેસણું



અમારા પિતા શ્રી **મનસુખભાઈ હરિભાઈ પટેલ** તારીખ ૦૬/૧૦/૨૦૨૬ ના દિવસે દેવલોક પામ્યા છે.
**સદગતનું બેસણું** તારીખ ૦૮/૧૦/૨૦૨૬ ના સવારે ૯ થી ૧૧ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**સ્વ. મનસુખભાઈ હરિભાઈ પટેલ**
સ્વ. તા. ૦૬/૧૦/૨૦૨૬

લિ. **હેમંત મનસુખભાઈ પટેલ**
સરનામું ,૧૨ , આશિષ સોસાયટી, અજરામર ચોક, BSNL ઓફિસ પાસે, અડાજણ, સુરત.